| STD | | SA-I-2021 | વર્ષ ૨૦૨૧-૨૨ |
|---|---|---|---|
| SUBJECT | | ધોરણ- 7 | 20/10 |

વિષય:- સામાજિક વિજ્ઞાન

1 (અ) યોગ્ય વિકલ્પ પસંદ કરી પ્રશ્નોના જવાબ લખો - (10)

(1) કુતુબુદ્દીન-(A)
(2) રઝિયા સુલતાના - (C)
(3) હરિહરરાય અને બુક્કારાય - (B)
(4) મુહમ્મદ તુગલક - (A)
(5) અકબર - (C)
(6) અમરકોટ - (B)
(7) શાહજહાં - (C)
(8) જૈન - (A)
(9) અમદાવાદ - (B)
(10) સહસ્ત્રલિંગ તળાવ - (A)

(બ) નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો. - (04)

(1) ✓ (2) × (3) ✓ (4) ×

(ક) યોગ્ય જોડકાં જોડો. - (04)

| (અ) | (બ) જવાબ |
|---|---|
| (1) સહસ્ત્રલિંગ | (1) પાટણ |
| (2) મુનસર | (2) વિરમગામ |
| (3) મલાવ | (3) ધોળકા |
| (4) શર્મિષ્ઠા | (4) વડનગર |

પ્ર-2 (અ) નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં જવાબ લખો. (ગમે તે ત્રણ) - (06)

(1) ઉત્તર ભારતના કોઈપણ ત્રણ મુખ્ય રાજવંશોના નામ જણાવો.

જવાબ:- બુંદેલખંડના ચંદેલો, માળવાના પરમારો, ગુજરાતમાં સોલંકીવંશ, ડાહલમાં ચેદિવંશ, શાકંભરીમાં ચૌહાણવંશ, દક્ષિણ રાજસ્થાનમાં ગોહિલ વંશ જાણીતા છે.

(2) રાજમાતા મીનળદેવીએ પ્રજાકલ્યાણનાં ક્યાં ક્યાં કાર્યો કર્યાં હતાં?

જવાબ:- રાજમાતા મીનળદેવીએ પ્રજાકલ્યાણ માટે સોમનાથનો યાત્રાળુવેરો બંધ કરાવ્યો. ધોળકામાં મલાવ તળાવનું બાંધકામ કરાવ્યું.

(3) પાણીપતનું પ્રથમ યુદ્ધ ક્યારે અને કોની-કોની વચ્ચે થયું હતું
જવાબ:- પાણીપતનુ પ્રથમ યુદ્ધ ઈ.સ. 1520 માં 20મી એપ્રિલના
દિવસે બાબર અને ઇબ્રાહીમ લોદી વચ્ચે થયું હતું.

(4) રાજસ્થાનની કઈ કઈ ચિત્રશૈલીઓ સુવિખ્યાત હતી?
જવાબ:- રાજસ્થાનની મેવાડ, જયપુર, મારવાડ અને કોટાની ચિત્રશૈલી
હતી. દેલવાડામાં જૈન દેરામાં રચાયેલા ચિત્રો સુવિખ્યાત છે

(બ) નીચેના ઐતિહાસિક કારણો લખો. (ગમેતે બે) – (0

(1) રાજપૂતાણીઓ વીરાંગના તરીકે ઓળખાતી.
જવાબ:- રાજપૂતાણીઓ વીરત્વ માટે જાણીતી હતી. યુદ્ધમાં જવા માટે
પોતાના પુત્ર કે પતિને હસતે મોઢે વિદાય આપતી. પતિની યુદ્ધમાં
હાર થાય તો શીલના રક્ષણ કાજે સતી થતી. જો જરૂર પડે તો
હાથમાં તલવાર લઈને યુદ્ધમાં ભાગ પણ લેતી. તેથી રાજપૂતાણી
વીરાંગના તરીકે ઓળખાતી.

(2) અલાઉદ્દીન ખલજી સુધારાવાદી શાસક ગણાય છે.
જવાબ:- અલાઉદ્દીન ખલજીએ શાસન સંભાળીને તરત જ ઉલેમા અને
ઉમરાવોની સત્તા પર અંકુશ મૂકી દીધો. ભાવ નિયંત્રણ કરવા
કડક કાયદા કર્યા અને તેનો ચુસ્તતાથી અમલ કરાવ્યો હતો. એ
પ્રજાને રાહત મળી હતી, સંદેશાવ્યવહારની સરળતા માટે ઘોડેસવ
"ખેપિયા" પદ્ધતિ અમલમાં મૂકી હતી, આમ, અલાઉદ્દીન ખલ
સુધારાવાદી શાસક ગણાય છે.

(3) હુમાયુ નબળો શાસક પુરવાર થયો.
જવાબ:- હુમાયુ ઈ.સ. 1530માં ગાદીએ બેઠો હતો. પરંતુ તેના સમયે
અનેક વિદ્રોહો થયા. શારીરિક નબળાઈ પણ વિદ્રોહો દબાવવા
માટે જવાબદાર બની હતી. ગુજરાતના સુલતાન બહાદુરશાહ
અને બિહારના અફઘાન શેરશાહ સાથે યુદ્ધો થયાં. ગુજરાતને
બચાવવા જતાં શેરશાહે આક્રમણ કરીને દિલ્લી પડાવી લીધું.
આથી હુમાયુને ઈરાન ભાગી જવું પડ્યું હતું. આથી કહી શકાય
કે હુમાયુ નબળો શાસક પુરવાર થયો.

(ક) ટૂંક નોંધ લખો. – (ગમે તે એક) – (03)

(1) રાજપૂત યુગનું વેપાર-વાણિજ્ય.
જવાબ:- રાજપૂત યુગમાં રાજાને મદદ કરવા માટે ખાસ મંત્રી હતા.

વેપાર-વાણિજ્ય વ્યવસ્થા ઉપર દેખરેખ રાખવા માટે અલગ વિભાગ હતો. આ વિભાગ વિદેશ ખાતેના વેપાર ઉપરની જકાત વસૂલ કરવાની, વસ્તુઓનું મૂલ્ય ઠરાવવાની અને રાજ્યમાં ઉપયોગી થતી વસ્તુઓ મંગાવવાની વ્યવસ્થા કરતો. મુખ્ય કર જમીનની ઊપજનો 'છઠ્ઠો' ભાગ હતો. જમીન પરનો કર 'ભાગ' ના નામે ઓળખાતો. બંદરો અને નાકા તથા સિંચાઈ પર કર ઉઘરાવાતો હતો. એ સમયે વિદેશ વેપાર માટે ગુજરાતના સ્તંભતીર્થ (ખંભાત) અને ભૃગુકચ્છ (ભરૂચ) બંદરો જાણીતાં હતાં. ગુજરાતના પટોળાં અને સુતરાઉ કાપડ વિદેશમાં ખૂબ ઊંચા દામે વેચાતાં.

(2) મુઘલ શાસકોની મહેસૂલી વ્યવસ્થા

જવાબ:- અકબરે ભારતમાં એક નવી જ મહેસૂલી વ્યવસ્થાનો આરંભ કર્યો હતો. જેને મનસબદારી વ્યવસ્થા તરીકે ઓળખવામાં આવતી. મહેસૂલનો દર વાર્ષિક ઉપજના 1/3 ભાગ જેટલો હતો. અકબરની મહેસૂલી વ્યવસ્થાનો સ્થાપક ટોડરમલ હતો. મનસબદારી પદ્ધતિ સેવા અને મહેસૂલ એમ બંને સાથે સંકળાયેલ હતી. મનસબ એટલે જાગીર અને મનસબદાર એ જાગીરનો વડો અધિકારી ગણાતો. જે જાગીરમાંથી મહેસૂલ ઉઘરાવતો અને વિસ્તારનો કાયદો અને વ્યવસ્થા જાળવતો. આ માટે તેને પગાર પ્રમાણે રોકડ આપવામાં આવતું. તેના વિસ્તારનો વડો ન્યાયધીશ પણ ગણાતો. તેની નિયત સમયે બદલી કરવામાં આવતી. મુઘલ મનસબદારની વ્યવસ્થા વિશ્વમાં અનોખી હતી અને વિશ્વમાં સૌથી વધારે વેતન ધરાવતી હતી.

પ્ર-3 (અ) નીચે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો. — (07)

(1) વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવતો દેશ ભારત છે.
(2) ભારતનું બંધારણ વિશ્વનું સૌથી મોટું લેખિત બંધારણ છે.
(3) ગુજરાતની વિધાનસભામાં સભ્યસંખ્યા 182 છે.
(4) દર્દીને તાત્કાલિક સેવા મળે તે માટે ગુજરાતમાં 108 યોજના છે.
(5) વિધાનસભાની ચૂંટણી દર પાંચ વર્ષે આવે છે.
(6) ગુજરાતની વિધાનસભા ભવનનું નામ વિઠ્ઠલભાઈ પટેલ વિધાનસભા છે.
(7) રાજ્યની ધારાસભાના ઉપલા ગૃહને વિધાનપરિષદ કહે છે.

(બ) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ લખો.

(ગમે તે પાંચ) – (

(1) લોકશાહી કોને કહેવાય ?

જવાબ:- લોકોનું, લોકો વડે અને લોકો માટે ચાલતું શાસન એટલે લોકશાહી. લોકશાહી દેશોમાં સરકારની રચના લોકોના મતદાન વડે થાય છે.

(2) વ્યક્તિના સર્વાંગીણ વિકાસ માટે કઈ બાબત જરૂરી છે?

જવાબ:- ભારતીય પ્રજાના સર્વાંગીણ વિકાસમાં સૌને સમાન ધોરણે તક પ્રાપ્ત થાય તે જરૂરી છે. કોઈપણ વ્યક્તિ સાથે જાતિભેદ, લિંગભેદ, ધર્મભેદ કે ભાષાભેદ રાખીને તેને વિકાસ કરવાથી વંચિત રાખી શકાય નહિ. તે બાબત બંધારણે સ્વીકારી છે.

(3) બાળમજૂરી શા માટે અટકાવવી જોઈએ ?

જવાબ:- 6 થી 14 વર્ષની વય સુધીના તમામ બાળકોને મફત, ફરજિયાત અને સાર્વત્રિક શિક્ષણ મેળવવાનો અધિકાર આપવામાં આવેલો છે. બાળકોનું શોષણ ન થાય અને શિક્ષણથી તેઓ વંચિત રહી ન જાય તે માટે બાળમજૂરી અટકાવવી જોઈએ.

(4) ખરડો કાયદો ક્યારે બને છે?

જવાબ:- રાજ્યપાલની મંજૂરી મળતાં ખરડો કાયદો બને છે. ખરડાઓ વિવિધ તબક્કાઓમાંથી પસાર થઈને રાજ્યપાલની મંજૂરી માટે મોકલવામાં આવે છે.

(5) વિધાનસભાના સભ્ય બનવા માટેની લાયકાત જણાવો.

જવાબ:- ભારતનો નાગરિક હોવો જોઈએ. તે સરકારી સંસ્થામાં સવેતન હોદ્દો ધરાવતો ન હોવો જોઈએ. તેની ઉંમર 25 વર્ષ કે તેથી વધુ હોવી જોઈએ. તે નાદાર, અસ્થિર મગજનો કે સજા પામેલ ગુનેગાર ન હોવો જોઈએ.

(6) રાજ્યસરકારનાં અંગો જણાવો.

જવાબ:- ધારાસભા, કારોબારી, અને ન્યાયતંત્ર

પ્ર-5 (અ) નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં જવાબ લખો.

(ગમે તે ત્રણ) – (09)

(1) આંતરિક બળ એટલે શું ?

જવાબ:- પૃથ્વીની સપાટીની નીચેના ભાગોમાં જે બળ નિર્માણ પામે છે તેને આંતરિક બળ કહે છે. ભૂકંપ અને જ્વાળામુખી [illegible]

Date:-

(2) મીઠા પાણીના મુખ્ય સ્ત્રોત કયા કયા છે?

જવાબ:- હિમશિખરો, ભૂમિગતપાણી, મીઠા પાણીના સરોવર, નદીઓ અને વરસાદ છે.

(3) નૈઋત્યના પવનો કોને કહેવાય છે?

જવાબ:- સૂર્ય ઉત્તર ગોળાર્ધમાં હોય ત્યારે એશિયાના ભૂમિ ભાગોમાં હલકું હવાનું સર્જાય છે. તે વખતે (ઉનાળામાં) સમુદ્રો પર ભારે હવાનું હોય છે. એટલે સમુદ્ર ઉપરથી ભૂમિખંડ તરફ વહેતા પવનો નૈઋત્યની દિશામાંથી આવતા હોઈ તેને નૈઋત્યના પવનો કહેવાય છે.

(4) ગુજરાતમાં ઘાસનાં મેદાનો ક્યાં જોવા મળે છે?

જવાબ:- ગુજરાતમાં ભાવનગરના વેળાવદર અને કચ્છના બંન્ની પ્રદેશમાં સમશીતોષ્ણ ઘાસનાં મેદાનો જોવા મળે છે.

(બ) ટૂંકનોંધ લખો. (ગમે તે એક) (03)

(1) હવાનું પ્રદૂષણ અટકાવવાના ઉપાયો

જવાબ:- હવા પ્રદૂષણ રોકવા માટે સરકારે કાયદા બનાવી ચુસ્તપણે અમલ કરાવવો જોઈએ.
- ધુમાડો અને ઝેરી ગેસ ફિલ્ટર થાય તેવાં સાધનો વિકસાવવા.
- કોલસા, પેટ્રોલ, ડીઝલ વગેરેનો જરૂર પૂરતો જ ઉપયોગ કરવો.
- પ્રદૂષણમુક્ત જેવા CNG, LPG, સૌરઊર્જા વગેરેના ઉપયોગોને પ્રોત્સાહિત કરવા જોઈએ.
- જાહેર પરિવહનમાં મુસાફરી માટે લોકજાગૃતિ
- વાહનો માટે PUC નો કડક અમલ કરાવવો જોઈએ.

(2) ભૂમધ્ય સાગરનાં જંગલો

જવાબ:- આ જંગલો ભૂમધ્ય સાગર નજીકના પ્રદેશમાં જોવા મળે છે. જેમાં યુરોપ, આફ્રિકા, એશિયા ખંડમાં જોવા મળે છે. આ પ્રદેશની આબોહવા ઉનાળામાં ગરમ-શુષ્ક (શિયાળામાં ઠંડી અને ભેજવાળી) હોય છે. આ પ્રદેશમાં ખાટારસવાળાં ફળોની વનસ્પતિ, નારંગી, અંજીર, ઓલિવ (જૈતૂન), દ્રાક્ષ વગેરે મુખ્ય જોવા મળે છે.

પ્ર=5 (અ) મને ઓળખો (05)

(1) હું પૃથ્વી સપાટીનું સૌથી ઉપલું સ્તર છું. → સિયાલ

(2) મારો ઉપયોગ અનાજ પીસવા માટે થાય છે. → ગ્રેનાઈટ

(3) મારો આકાર નારંગી જેવો ગોળ છે. → પૃથ્વી

(4) હું પૃથ્વીની ચારેબાજુ વીંટળાઈને આવેલું આવરણ છું. → વાતાવરણ

(5) મારા જંગલોની વનસ્પતિનો આકાર શંકુ જેવો હોય છે. → શંકુદ્રુમ જંગલો

Date:-

(અ) વ્યાખ્યા / સંકલ્પના આપો. (ગમે તે ત્રણ) — (06)

(1) ભૂકવચ :- પૃથ્વીની સપાટીના ઉપરના ભાગમાં આવેલા ઘનસ્તરોના બનેલા ભાગને ભૂકવચ કહે છે.

(2) વાતાવરણ :- પૃથ્વીની ચારેય બાજુએ વીંટળાઈને આવેલા હવાના આવરણને વાતાવરણ કહે છે. વાતાવરણ વિવિધ વાયુઓ, પાણીની વરાળ, ધૂળના રજકણો, ક્ષારકણો વગેરેનું બનેલું છે.

(3) આબોહવા :- હવામાનની લાંબાગાળાની સ્થિતિ સામાન્ય રીતે કોઈ પ્રદેશની 35 વર્ષ કે તેથી વધુ વર્ષોના સરેરાશ હવામાનની સ્થિતિને આધારે ચોક્કસ ઋતુઓનું ચોક્કસ સમયગાળામાં થતું પુનરાવર્તન એટલે આબોહવા.

(4) મૃદાવરણ :- પૃથ્વીના ઉપરના ઘન પોપડાને મૃદાવરણ કહે છે. આ પોપડો ખડક, ખનીજો, અને માટીનો બનેલો છે.

(બ) ભારતના રેખાંકિત નકશામાં નકશાપૂર્તિ કરો — (04)

(1) હિંદ મહાસાગર (2) સાંભર સરોવર

(3) પાકિસ્તાન (4) શ્રીલંકા

—×—

# POLITICAL MAP OF INDIA

ડી. એન. હાઈસ્કૂલ, પ્રા. વિ., આણંદ.

પરીક્ષા : પ્રથમ / બીજી / વાર્ષિક

ધોરણ :........ પરીક્ષા નં. :..........

વિષય :.............. તારીખ...

